રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

ગુજરાત રાજ્ય

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/4088/KH-1

સચિવાલય, ગાંધીનગર

તા.૨૪-૦૬-૨૦૨૫

<u>આમુખ</u> :

શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ, ઈજનેરી, ફાર્મસી અને પ્રોફેશનલ કોર્સિસ સિવાયના અભ્યાસક્રમો માટે વખતો વખત યુજીસીના નિયમો મુજબ કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવામાં આવે છે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના (મેડીકલ, ઈજનેરી, ફાર્મસી અને પ્રોફેશનલ અભ્યાસક્રમો સિવાયના) અભ્યાસક્રમો માટે નીચે જણાવ્યા મુજબનું કોમન એકેડેમિક કેલેન્ડર આથી નિયત કરવામાં આવે છે.

ક્રમ	વિગત	સમયગાળો (તારીખ)
૧.	પ્રથમ સત્ર (UG સેમેસ્ટર ૩ અને ૫ તથા PG સેમેસ્ટર ૩)	તા.૧૭/૦૬/૨૦૨૫ થી શૈક્ષણિક કાર્ય શરૂ કરવું. (તા.૧૭/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૧૨/૨૦૨૫ સુધી ટીચિંગ સહિત શૈક્ષણિક કાર્ય, પ્રથમ સત્રના કામકાજના ૧૨૪ દિવસો)
	પ્રથમ સત્ર (UG /PG સેમેસ્ટર ૧)	તા.૦૧/૦૭/૨૦૨૫ થી શરૂ કરવું.
૨.	દિવાળી વેકેશન	તા.૧૭/૧૦/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૫ સુધી (Proposed) (૨૧ દિવસો) દિવાળી વેકેશન ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી સહીત ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણની યુનિવર્સિટીઓ/કોલેજોમાં સમાન રહેશે.
૩.	યુનિવર્સિટી વિભાગ/કોલેજોની આંતરીક મૂલ્યાંકન	આંતરિક મૂલ્યાંકન સંદર્ભ Viva એક્ઝામ/ ક્વિઝ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન/ પ્રેઝેન્ટેશન/ લેબ વર્ક/ અન્ય વર્ક વગેરે યુનિવર્સિટીઓ દ્વારા નક્કી કરાશે. (તા.૦૭/૧૧/૨૦૨૫ થી તા.૦૩/૧૨/૨૦૨૫ દરમિયાન)
૪.	પ્રથમ સત્ર સમાપ્તિ	તા.૦૩/૧૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવું.
૫.	દ્વિતીય સત્ર (UG સેમેસ્ટર ૨, ૪ અને ૬ તથા PG સેમેસ્ટર ૨ અને ૪)	તા.૦૪/૧૨/૨૦૨૫ થી તા.૨૫/૦૪/૨૦૨૬ સુધી (ટીચિંગ સહિત શૈક્ષણિક કાર્ય દ્વિતીય સત્રના કામકાજના ૧૧૪ દિવસો)

૬.	યુનિવર્સિટી વિભાગ / કોલેજોની દ્વિતીય સત્ર આંતરીક મૂલ્યાંકન	આંતરિક મૂલ્યાંકન સંદર્ભ Viva એક્ઝામ/ ક્વિઝ/ પ્રોજેક્ટ વર્ક/ ગ્રૂપ ડીસ્કશન/ પ્રેઝેન્ટેશન/ લેબ વર્ક/ અન્ય વર્ક વગેરે યુનિવર્સિટીઓ દ્વારા નક્કી કરાશે. (તા.૩૦/૦૩/૨૦૨૬ થી તા.૨૫/૦૪/૨૦૨૬ દરમિયાન) (તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ રવિવાર)
૭.	દ્વિતીય સત્ર સમાપ્તિ	તા.૨૫/૦૪/૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવું.
૮.	ઉનાળું વેકેશન	તા.૨૭/૦૪/૨૦૨૬ થી તા.૧૪/૦૬/૨૦૨૬ (૪૯ દિવસો)
૯.	નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૫-૨૬	તા.૧૫/૦૬/૨૦૨૬ થી શરૂ કરવું.

નોંધ:

- વેકેશન દરમિયાન યુનિવર્સિટીની વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓ દરમ્યાન ટીચિંગ/નોન ટીચિંગ સ્ટાફ દ્વારા પરીક્ષાઓ અંગેની તમામ ડ્યુટી અચૂક બજાવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંકુરકુમાર ઉપાધ્યાય)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામ. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર. (અલાયદા પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીના (ઉ. અને ટે. શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કાર્યકારી અધિકારીશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી. ઈજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા, અમદાવાદ
- કુલસચિવશ્રી, સંબધિત સર્વે યુનિવર્સિટીઓ અને સંબધિત સર્વે સરકારી કોલેજો (ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર અને ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગર મારફત)
- નાયબ સેક્શન અધિકારી, સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Ankurkumar Upadhyay
Under Secretary
Date:2025.06.24
17:10:25 +5:30